હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બહાર બધુ ગડબડ ચાલતુ હોય તેમ લાગે છે... ગાંધીની જગ્યાએ ગોડસે અને ઈંડાની જગ્યાએ ભીંડા આવી જવાના છે...!!!

શહેરના યુવકે બાયપેપ અને ઓકિસજન ટ્રાન્સટ્રેટર મશીન ખરીદી કરવા જતા સવા લાખ ગુમાવ્યા

ગાંધીનગર, તા.૧૭

શહેરના યુવકે કોરોના સમયે માતા માટે ઓનલાઈન ઓકિસજન કોન્સન્ટ્રેટર અને બાયપેપ મશીનનો ઓર્ડર આપ્યો હતો. યુવકે મુંબઈ સ્થિત સુરભી એન્ટરપ્રાઈઝના એકાઉન્ટમાં રૂ.૧.૨૪ લાખ જમા કરાવી દીધા હતા. પરંતુ આજદિન સુધી યુવકે ઓર્ડર કરેલા ઓકિસજન ટ્રાન્સટ્રેટર અને બાયપેપ મશીન ન આવતા યુવકે કુલજીતસિંઘ નામના યુવક સામે ફરીયાદ નોંધાવતા પોલીસ છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કુડાસણ સ્વાગત પાર્ટી પ્લોટ ખાતે રહેતા જય શૈલેષભાઈ શાહ (ઉં.૩૪) પોતાના પરિવાર સાથે રહે છે અને સ્વાગત પાર્ટી પ્લોટ ભાડે આપી વેપાર ધંધો કરે છે. ત્યારે ગત તા. ૨૪-૪-૨૧ ના રોજ જયના માતાને કોરોના પોઝીટીવ હોવાથી વડોદરા ખાતે સવિતા સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં સારવાર માટે એડમીટ કરેલા હતા. તે સમયે ડોકટરે જણાવ્યું હતુ કે હોસ્પિટલમાંથી ઘરે ગયા પછી કેટલાક દર્દીઓને ઓકિસજનની જરુર પડતી હોય છે. જેથી તમે પણ બાયપેપ મશીન અને ઓકિસજન ટ્રાન્સટ્રેટર મશીન વસાવી શકતા હોય તો વસાવી દેજો. જેથી ઘરે ગયા પછી કોઈ તકલીફ થાય તો તેનો ઉપયોગ કરી શકાય.ગત તા. ૭-૫-૨૧ ના રોજ ઉપરોકત મશીન અંગે સર્ચ કરતા ઈન્ડીયા માર્ટની વેબસાઈટ ખુલી હતી. જેની અંદર સુરભી એન્ટરપ્રાઈઝ લખેલુ હતું. જે ચીજવસ્તુની જરુર હોય તે જગ્યાએ કલીક કરવાનું લખ્યુ હતું. જેથી કલીક કરતા જ સામેથી કુલજીતસિંઘ નામના વ્યકિતએ જય શૈલેષ શાહ સાથે વાત કરી હતી.ત્યારબાદ જયે ઓકિસજન કોન્સન્ટ્રેટર અને બાયપેપ મશીન જોઈએ છે. જેથી જે વસ્તુ તમારે જોઈએ છે તે વસ્તુ મારી પાસે હાજર સ્ટોકમાં છે. જેથી જય શાહે કોટેશન મંગાવતા કુલજીતસિંઘે કોટેશન વોટ્સએપ કર્યું હતું. જેમાં એડવાન્સ રૂપીયા આપવા પડશે તેમ લખ્યું હતું. કોટેશનમાં વસ્તુની કિંમત અને તેની બેંકનુ નામ અને એકાઉન્ટ નંબર આપ્યો હતો. જેથી ફરીયાદીએ સુરભી એન્ટરપ્રાઈઝના બેંક એકાઉન્ટમાંથી રૂ.૧.૨૪ લાખ મોકલી આપ્યા હતા. ત્યારબાદ કુલજીતસિંઘ જણાવ્યું હતું કે ત્રણ દિવસમાં તમારા ઓકિસજન કોન્સટ્રેટર અને બાયપેપ મશીન તમારા ઘર સુધી પહોંચી જશે. પરંતુ ત્રણ દિવસ સુધી ચીજવસ્તુઓ ઘેર નહી આવતા મે આ કુલજીતસિંઘના ઈન્ડીયા માર્ટમાં આવેલા મોબાઈલ નંબર પર કોલ કરતા ફોન સ્વીચ ઓફ આવતો હતો. જેથી યુવકને છેતરાયો હોવાનો અહેસાસ થયો હતો. શહેરના યુવક સાથે બાયપેપ અને ઓકિસજન કોન્સન્ટ્રેટર નામે રૂ.૧.૨૪ લાખની છેતરપિંડી આચરતા યુવકે ઉચ્ચકક્ષાએ ફરીયાદ નોંધાવી છે.

ખૂણેખાંચરેથી

- આજે અડાલજ જગન્નાથ મંદિરેથી આત્મનિર્ભર ગ્રામયાત્રાનો આરંભ થઈ રહ્યો હોવાથી જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી જ્હાનવી પટેલ સહિત અધિકારીઓની ટીમે સ્થળની મુલાકાત લઈ તૈયારીઓની સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની મેલેરિયા શાખામાં સુપરવાઈઝર તરીકે ફરજો બજાવતા રમેશભાઈ પ્રજાપતિના અગત્યના કાગળોની બેગ ખોવાતા તેઓ ગમગીન થઈ ગયા હતા.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળમાંસાત જેટલા અધિકારીઓને નિવૃત્તિ પછી કામગીરી પર રખાયા હતા તેમને સરકારના આદેશ પછી છુટા કરી દેવામાં આવ્યા છે.
- ૧૯મીએ કલોલ તાલુકાના પોલીસ કર્મયોગીઓ માટે સર્વરોગ નિદાન કેમ્પનું કલોલ ખાતે આયોજન આરોગ્ય તંત્ર દ્વારા કરવામાં આવ્યુ છે.
- ટી.બી.ને લઈ ખાનગી તબીબોદ્વારા પ્રાયવેટ કેસનુંનોટિફિકેશન વધુ થાય તે માટે જિલ્લાના તમામ ખાનગી તબીબોને પત્ર લખ્યો છે.
- નભોઈ ખાતે અખિલ ભારતીય નાગર પ્રિમીયર લીગનું આયોજન કરવામાં આવ્યુ છે. આ લીગ મેચ ૫ મી ડિસે.ના રોજ રમાશે.

વીઆઈપી સેકટરમાં રહેતા નિવૃત સનદી અધિકારી ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બન્યા

અધિકારીએ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૧૭

શહેરના વીઆઈપી સેકટરમાં રહેતા નિવૃત સનદી અધિકારી પણ ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બન્યા છે. નિવૃત અધિકારીને એચડીએફસી બેંક કર્મચારીની ઓળખ આપી એચડીએફસી બેંકના નવા ડેબીડ કાર્ડ ઈસ્યુ કરવા માટે વેરીફિકેશન માટે જણાવ્યું હતું. ત્યારબાદ નિવૃત અધિકારી પાસેથી ઓટીપી નંબર મેળવતા જ તેમના બેંક એકાઉન્ટમાંથી રૂ.૨ લાખ ઉપડી ગયા હતા. ત્યારે ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બનતા અધિકારીએ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૮ સી પ્લોટ નં.૧૮૦ ખાતે રહેતા ૮૦ વર્ષિય ટી.સી.એ.રંગાદુરાઈ પરિવાર સાથે રહે છે અને નિવૃત જીવન ગુજારે છે. જયારે નિવૃત અધિકારીનું સેકટર-૧૬ ખાતે આવેલી એચડીએફસી બેંકમાં એકાઉન્ટ છે. ગત તા.૨૧-૧૦-૨૧ ના રોજ સાંજના ૬ વાગ્યાના અરસામાં નિવૃત સનદી અધિકારીના મોબાઈલ ફોન પર કોલ આવ્યો હતો અને જણાવ્યું હતું કે હું એચડીએફસી બેંકમાંથી બોલું છું. અને નવુ ડેબીટ કાર્ડ ઈશ્યુ કરવાની વાત કરી હતી. જેમાં કેસ વિડ્રો લીમીટ વધુ મળશે. આ કાર્ડના વેરીફિકેશન માટે કોલ કર્યો છે. ત્યારબાદ સામેથી વાત કરતા વ્યકિતએ મોબાઈલમાં આવેલ ઓટીપી નંબર માંગ્યો હતો. જે નિવૃત અધિકારીએ આપ્યો હતો, ત્યારબાદ બીજો ઓટીપી નંબરનો મેસેજ આવતા તે પણ માંગતા તે પણ આપતા જ નિવૃત અધિકારીના એકાઉન્ટમાંથી રૂ.૨ લાખ ડેબીટ થવાનો મેસેજ આવતા પુછતા તે કેશ વિડ્રો લીમીટ હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ ફરીયાદી એટીએમમાં જઈને એકાઉન્ટનું મીની સ્ટેટમેન્ટ જોતા તેઓના એકાઉન્ટમાંથી રૂપીયા બે લાખ ઉપડી જતા બેંક એકાઉન્ટ બંધ કરાવ્યું હતું. ત્યારે નિવૃત સનદી અધિકારી છેતરપિંડીનો ભોગ બનતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

જીએમએલ લીગમાં એનએચસીએની ટીમે સ્પેશિયલ-૨૬ને ૧૪૭ રને હરાવી

મેન ઓફ ધ મેચ જય પટેલનું ઓલરાઉન્ડ પરફોર્મન્સ, ૨૦ બોલમાં ૩૯ ફટકાર્યા બાદ ૧૯ રનમાં ૩ વિકેટ ઝડપી : રોહન મિસ્ત્રીના ૮૭ અને નિકુંજ પ્રજાપતિના ૬૯ રન

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના સેકટર-૮માં સમર્પણ ગાઉન્ડ ખાતે રમાઈ

રહેલી જીએનઆર મેજર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટમાં આજે એનએચસીએ તથા સ્પેશિયલ-૨૬ એકેડેમીની ટીમ ટકરાઈ હતી જેમાં એનએચસીએની ટીમે ૧૪૭ રને ભવ્ય વિજય મેળવ્યો હતો. આ મેચમાં એનએચસીએના જય પટેલે ઓલરાઉન્ડ પરફોર્મન્સ કરતાં ૨૦ બોલમાં ૩૯ ફટકાર્યા બાદ ૧૯ રનમાં ૩ વિકેટ ઝડપી મેન ઓફ ધ મેચનો ખિતાબ જીત્યો હતો જ્યારે રોહન મિસ્ત્રીએ ૮૭ અને નિકુંજ પ્રજાપતિએ ૬૫ રનની મદદથી ટીમને પ્રથમ બેટીંગ કરતા ૨૫૭નો સ્કોર અપાવ્યો હતો.

જીએનઆર મેજર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટમાં શુકવારે રમાયેલી મેચમાં સ્પેશિયલ-૨૬ ટીમે ટોસ જીતીને ફીલ્ડિંગ લીધી હતી. એનએચસીએની ટીમે પહેલા બેટિંગ કરતાં ૫૦ ઓવરમાં ૮ વિકેટે ૨૫૭નો સ્કોર કર્યો હતો. સ્પેશિયલ-૨૬ના કુલદીપ મર્ચન્ટ અને ઉત્સવ પટેલે બે-બે વિકેટ ઝડપી હતી. એનએચસીએના ૨૫૭ રનના જવાબમાં જય પટેલની ૧૯ રનમાં ૩ વિકેટના તરખાટ સાથેની બોલીંગ સામે સ્પેશિયલ-૨૬ની ટીમ ૩૮.૪ ઓવરમાં ૧૦ વિકેટે માત્ર ૧૧૦ રનમાં સમેટાઈ ગઈ હતી. સ્પેશિયલ-૨૬ના દેવશ્ચ ચૌધરીએ સૌથી વધુ ૨૯ રન કર્યા હતા.

ગાંધીનગર ખાતે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના 'કમ એન્ડ પ્લે સ્કીમ' અંતર્ગત તૈયાર થયેલી કબડ્ડીની પુરુષ ટીમે તાજેતરમાં ચીખલી ખાતે તા.૧૩ થી ૧૪ નવેમ્બર દરમિયાન યોજાયેલી ૬૯મી ગુજરાત રાજ્ય સિનિયર કબડ્ડી ચેમ્પિયનશિપ જીતી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ ટીમનાં તમામ ખેલાડીઓ ગાંધીનગરના ઝુંપડપટ્ટી વિસ્તારના અત્યંત જરૂરિયાતમંદ પરિવારના છે જેમણે સાઈના નેતાજી સુભાષ કેન્દ્રના સ્ટાફ સભ્યોના ટીમ વર્કથી આ સિદ્ધી હાંસલ કરી દેખાડી છે.

અડાલજ કેનાલમાંથી અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળી આવ્યો

ગાંધીનગર, તા.૧૭

અડાલજ નજીકથી પસાર થતી નર્મદા કેનાલમાં પુરૂષનો તરતો મૃહદેહ મળી આવ્યો હતો. બનાવ અંગે અડાલજ પોલીસને જાણ થતા પીએસઆઈ એમ.જે. શીંદે અને કોન્સ્ટેબલ અજીતસિંહ સહિતના જવાનો દોડી ગયા હતા. પોલીસે ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયરની ટીમ પણ કેનાલ ખાતે દોડી આવી હતી. ફાયરના જવાનોએ વિકૃત થયેલા પુરૂષના મૃતદેહને કેનાલમાંથી બહાર નીકાળ્યો હતો. પોલીસે પંચનામુ કરીને અજાણ્યા પુરૂષના મૃતદેહને ઓળખવિધી કરવા માટે આસપાસના વિસ્તારોમાં શોધખોળ આદરી હતી. પરંતુ મૃતકના કોઈ પરિવારજનો કે ઘરના સભ્યો મળી આવ્યા ન હતા જેથી તેની ઓળખ થાય. અંદાજીત ૫૦ વર્ષિય મૃતક બદામી રંગનો કાળા ટપકા વાળો શર્ટ પહેરેલ છે. આ અંગે કોઈને માહિતી મળે તો અડાલજ પોલીસનો સંપર્ક કરવા જણાવ્યું છે.

સે. ૨-સી ખાતે સ્નેહમિલન તથા લોક ડાયરાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૭

સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા ૨૦મીના રોજ નવા વર્ષની શુભકામના પાઠવવા સ્નેહમિલન તથા લોકડાયરો યોજાશે. જે રાત્રે ૮.૩૦ કલાકે સેક્ટર-૨-સી, ગણેશ ચોક ખાતે આ કાર્યક્રમ યોજાનાર છે. જેમાં ગાંધીનગરના સર્વે વસાહત જનતાને જાહેર આમંત્રણ પાઠવેલ છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
આઝાદી का अमृत महोत्सव



આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત

આત્મનિર્ભર ગ્રામ યાત્રા

તારીખ ૧૮ થી ૨૦ નવેમ્બર, ૨૦૨૧

૧૦૦ રથ | ૩૩ જિલ્લા | ૧૨ વિભાગ

તારીખઃ ૧૮ નવેમ્બર, ૨૦૨૧ના રોજ

માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં રાજ્ય કક્ષાનો મુખ્ય કાર્યક્રમ ખેડા જિલ્લા ખાતે તથા અન્ય ૩૨ જિલ્લાઓમાં માનનીય મંત્રીશ્રીઓ તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાના કાર્યક્રમ

ત્રિદિવસીય કાર્યક્રમની રૂપરેખા

- ૧૨ વિભાગોના કુલ રૂ.૧૫૭૭/- કરોડથી વધુના ૪૨૯૫૦ જેટલા વિકાસકાર્યોના ખાતમુહૂર્ત / લોકાર્પણ તેમજ ૧૯૨૫૭૫ થી વધુ લાભાર્થીઓને લોન / સહાયના ચેક વિતરણ
- ૩૫૭૦ જેટલા કેમ્પ અને ૨૦૭૦ જેટલા નિદર્શન / શિબિરો / વર્કશોપ / સ્પર્ધાઓ
- જિલ્લા પંચાયતની ૧૦૯૦ બેઠક પર ૧૦૦ રથનું પ્રસ્થાન
- આત્મનિર્ભર ગ્રામ યાત્રા રથ ૩ દિવસ ગ્રામ્ય કક્ષાએ ફરીને ગ્રામજનોને વિવિધ યોજનાકીય બાબતો અંગે માહિતગાર કરશે